ફોજદારી કેસ નંબર ૫૫૮૩–૨૦૨૫

આંક–૧ તળે હુકમ

સદર કામે વાહન નંબર જીજે ૦૩ ઇઆર ૩૬૬૪ ના વાહન માલીક રણછોડભાઈ મેપાભાઈ પીપરીયાને તેઓનુ વાહન ચલાવતા વખતે દસ્તાવેજો જેવા કે ડ્રાઈવીંગ લાયસન્સ, આર સી બુક, વાહનનો ઇન્સ્યુરન્સ, પીયુસી વિગેરે ન રાખવા બાબતનો તા.૨૨–૦૯–૨૦૨૪ નો મેમો આવેલ જે અનુસંધાને તેઓને સમન્સ બજતા તેઓ હાજર થયેલ અને તેઓ દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓની માલીકીના વાહનના નંબર જીજે ૦૩ ઇઆર ૩૬૬૪ છે જે મારુતી સુઝુકી વેગેન આર ફોર વ્હીલર કાર છે. જયારે મેમો જોતા તેમાં નિયમનો ભંગ કરનાર વાહન ટુ વ્હીલર વાહન જણાઇ આવે છે. તે અંગેના આર.સી. બુક તથા વિમા અંગે દસ્તાવેજો રજુ રાખેલ છે. જેથી હાલનો ગુનો હાલના આરોપી દ્વારા કરવામાં આવેલ ન હોય યોગ્ય હુકમ કરવા જણાવેલ છે.

તમામ હકિકત ધ્યાને લેતા હાલના આરોપી વિરુધ્ધ કોઈ એમ.વી.એકટ ની કલમ ૧૭૭ મુજબનો ગુનો બનતો નથી. જેથી હાલની ફરિયાદ બી.એન.એસ.એસ. ની કલમ ૨૮૧ અન્વયે

ડીસમીસ કરવામાં આવે છે.

તા.૧૪–૩–૨૦૨૬
રાજકોટ

(એલ.એ. ખંડેલવાલ)
જયુડી. મેજી. ફ.ક.
ટાફીક કોર્ટ,રાજકોટ
જીજે૦૧૬૧૦